


દર્શક:

પ્રશાન્ત ઘનશ્યામ-જમુના દેસાઈ

રત્ન ૩

# NivedanBhaav

based on

Siddhant Rahasya

of

Pujya Shrï Vallabhāchārya

Written & published by

Prashant Desai

Dipt.me

e-publication

May 11, 2025

મૂલ્યઃ સહયોગ–સેવા

© Prashant Desai

All Rights Reserved.

Without the prior written permission of the publisher,
This book may not be reproduced or sold in any form.

Email: usha.dipt@gmail.com / Visit at: www.dipt.me

हरिॐ नमो भगवते श्रीकृष्णाय वासुदेवाय

શ્રીવલ્લભાચાર્યવિરચિતમ્

# ॥ સિદ્ધાંત રહસ્ય ॥

આધારિત

શ્રીવલ્લભ સાહિત્યમાળા : રત્ન – ૩

# નિવેદનભાવ

## શ્લોક પદચ્છેદ અન્વય
## ભાષાંતર તાત્પર્ય

દર્શક : પ્રશાંત ઘનશ્યામ–જમુના દેસાઈ

## પ્ર.લેખ

આપણે જાણીએ છીએ કે ભગવાને અનેક ભક્તો કે મહાપુરુષોને દર્શન અને વરદાનો આપેલાં છે. ઘણાંને જીવનભર સાથ આપીને અંતે પોતાના ધામમાં પણ લઈ ગયા છે. ઘણાં જન્મે, સત્કર્મો અને ભક્તિ ફળીભૂત થતાં આવું જીવન મળે.

એક એવા કાળમાં જ્યારે ભક્તિ માત્ર ભીતિથી ઘેરાયેલી હતી અને જ્ઞાન, નાનાવાદ વિનષ્ટેષુ.. ઘણાં વાદ-વિવાદોમાં અને થોથાઓમાં કેદ હતું; તેવી પરિસ્થિતિમાં શ્રીવલ્લભાચાર્યે પ્રભુનિર્દેશિત કાર્ય કર્યું હતું, સાચી ભક્તિનાં સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યાં હતાં. શ્રીભગવાને સ્વયં આચાર્ય શ્રીવલ્લભની સમક્ષ પ્રગટ થઈને, લોકકલ્યાણ માટેનો રસ્તો બતાવ્યો હતો! જે આ ગ્રંથમાં ગ્રથિત છે.

આમ તો, ભગવાન સ્વયં આવે તો પણ, આ વિશ્વ ના બદલાય.. ના સુધરે! અને આ તો કળિયુગ! મહાપુરુષોનાં જ્ઞાનની કે ભક્તોનાં કાર્યોની, બહુ થોડાં લોકો ઉપર અસર થાય! જે લોકોની માત્ર ભગાવાન ઉપર જ શ્રદ્ધા હોય, તેવાઓને કળિયુગથી બચાવવા માટે, ભગવાન કોઈ મહાપુરુષને મોકલી આપે! ભગવાનની ઇચ્છા પ્રમાણેનું કાર્ય સમાપ્ત થયા પછી, તે મહાત્મા તો જાય સાથે તેમના સાહિત્યનો મૂળ ભાવ પણ ન રહે! ગ્રથો.. વિચારોનાં અર્થો અલોપ થઈ જાય!

દુઃખની વાત છે પણ સત્ય છે કે, મહાપુરુષોની પાછળ તેમનાં નામે સંપ્રદાયો, પેટા સંપ્રદાયો ઊભાં થઈ જાય છે! પણ જે તે પ્રણેતાનું મૂળભૂત સાહિત્ય કે સિદ્ધાંતો સચવાતાં નથી! દરેક આચાર્યો કે મહાપુરુષોની આ સ્થિતિ છે; જ્યાં વેદવ્યાસના મહાભારત કે પુરાણો યથાવત નથી મળતાં, ત્યાં બીજું બધું તો ક્યાંથી સચવાય? म्लेच्छाक्रांतेषु देशेषु.. મ્લેચ્છો દ્વારા બહુમૂલ્ય વિરાસતો નષ્ટ થઈ ગઈ, તેમાં મહત્વપૂર્ણ સાહિત્ય પણ ગયું!

શ્રીવલ્લભના અન્ય કેટલાંક સાહિત્યોની જેમ, આ 'સિદ્ધાંતરહસ્ય' પણ અપૂર્ણ ઉપલબ્ધ છે. હરિઇચ્છા! વચ્ચે ત્રીજા ચોથા શ્લોક પછીનાં કેટલાંક શ્લોકો અને અંતે સમાપનનાં શ્લોકો વિલુપ્ત થયેલાં છે. અંતે નવમો અર્ધશ્લોક છે! કોણ વિદ્વાન અંતે અડધો શ્લોક છોડે કે વિધિવત્ સમાપન ન લખે? પણ તે મળતાં નથી.

તો જે પણ-જેટલું પણ ઉપલબ્ધ છે તેને, ભગવાનની કૃપા માનીએ અને ગાગરમાં સાગર ગણીને, યથાર્થ સમજવાનો પ્રયત્ન કરીએ. જેમણે આટલું પણ સાચવ્યું છે, આપણાં સુધી પહોંચાડ્યું છે, તેમનો આભાર વ્યક્ત કરીએ!

# સિદ્ધાંત રહસ્ય

'સિદ્ધાંત રહસ્ય'! સિદ્ધાંત શું અને તેનું રહસ્ય.. ગુપ્તતા શું? તે જાણવાનાં છે. ચોથા શ્લોકમાં ભગવાને કહેલી "અસમર્પણ"ની વાત અને પાંચમા શ્લોકમાં આચાર્યશ્રીની સીધી "નિવેદન"ની વાત, બન્ને મોટાં સિદ્ધાંતો છે. વચ્ચેનાં શ્લોકોની વિલુપ્તિથી, બન્નેનાં સંવાદનું અનુમાન કરવું પડે છે કે ભગવાને વિશેષ આમ કહ્યું હશે ને આચાર્યશ્રીએ આ રીતે આજ્ઞા સ્વીકારી હશે!

એક વાત નિશ્ચિત છે કે શ્રીવલ્લભે અહીં 'આત્મનિવેદન' કર્યું જ હશે, જે ભક્તિનું અંતિમ ચરણ છે.. છેલ્લી પગથી છે. આચાર્યશ્રી ત્યાં સુધી પહોંચ્યા તેથી તો પ્રભુ પ્રગટ થયા! જ્યારે ભગવાન અંતર્ધાન થયા હશે તે પછી કદાચ, તેમનાં સ્વરૂપ વિષે કંઈક લખ્યું પણ હશે, જે ઉપલબ્ધ નથી. આરંભમાં ભગવાનની સ્તુતિ કરી જ હશે પણ, ગ્રંથનો આરંભ સીધા ભગવાનના આદેશથી થાય છે.

સાચે જ, ભક્તના જીવનનું સૌથી મોટું સૌભાગ્ય કહેવાય કે ભગવાન સ્વયં આજ્ઞા કરે! ભક્તને વરદાન મળે તેનાં કરતાં આવાં આદેશ કે ઉપદેશ મળે તો વધુ ધન્ય ગણાય! અને ભગવાન પણ, યોગ્યતા પ્રમાણે જ કાર્ય સોંપેને! માત્ર ભક્ત હોય તો દર્શન આપે, વરદાન આપે કે સંતુષ્ટ કરે! આ તો જ્ઞાનીભક્ત! એમ કેમ જવા દે! લોકકલ્યાણનો આદેશ કર્યો, ઉપરાંત તેની પદ્ધતિ જણાવી! આચાર્યશ્રીને કેટલો હર્ષ થયો હશે! કહે છે, સાક્ષાત્ ભગવાને જે કહ્યું તે અક્ષરશઃ કહું છું!

તો આપણે તેમનાં તે સંવાદને સમજવાનો પ્રયત્ન કરીશું અને ભગવાનનો ઉપદેશ આત્મસાત કરીશું. અત્રે સૌ પ્રથમ બે શબ્દો સમજીએ. સમર્પણ અને નિવેદન, તેમાં સમર્પણ.. સમ્યક્ અર્પણ એટલે કે સર્વ યથાવત અર્પણ કરવું! અને નિવેદન શબ્દના ત્રણ અર્થો છે; જ્ઞાપન.. જણાવવું.. રજુ કરવું, બીજું જાહેર કરવું.. ખુલ્લા થવું.. અંતઃકરણ ખોલી નાખવું અને ત્રીજું અર્પણ કરવું.. સોંપવું. ભક્તિમાં આત્મનિવેદન એટલે પોતાનું સર્વસ્વ સોંપી દેવું! આના માટે લૌકિક એક જ ઉદાહરણ છે, જેમ ભારતીય સન્નારી પત્ની થઈને પતિને નિવેદન કરે છે, તે રીતે ભક્તિની અંતિમ સ્થિતિમાં ભક્ત ભગવાનને જીવન સોંપે તે છે, આત્મનિવેદન! અહીં અલૌકિકતા છે.. સંસારપારની સ્થિતિ છે. આ જ સાચી મનુષ્ય જીવનની કૃતકૃત્યતા છે. આચાર્યશ્રી આ આત્મનિવેદન આપણાં જીવનમાં લાવવા માંગે છે.

હવે સમર્પણતા.. નિવેદનના ભાવને વિગતે જોઈએ, અસ્તુ.

~ પ્રશાંત દેસાઈ

१ श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते॥

| | | | | |
|---|---|---|---|---|
| श्रावणस्य | अमले | पक्षे | एकादश्याम् | महानिशि |
| શ્રાવણમાસના | અજવાળીયા | પક્ષમાં | એકાદશીની | મહારાત્રિએ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| साक्षात् | भगवता | प्रोक्तम् | तद् | अक्षरशः | उच्यते |
| પ્રગટ થઈને | ભગવાન | બોલ્યા | તે | અક્ષરશઃ | કહેવાય છે |

श्रावणस्य अमलेपक्षे, एकादश्याम् महानिशि (यत् स्वयम्)
भगवता साक्षात् प्रोक्तम् तत् अक्षरशः (यथावत् मया) उच्यते॥

શ્રાવણ મહિનાના શુક્લપક્ષમાં.. અજવાળી એકાદશીની મહારાત્રિએ (પવિત્રા એકાદશીએ, ભગવાને દર્શન આપીને જે સ્વમુખે..) ભગવાને સાક્ષાત્.. પ્રગટ થઈને કહ્યું તે, અક્ષરશઃ (જેવું કહ્યું હતું તેવું જ, મારાથી) કહેવાય છે.

તાત્પર્ય ઃ પહેલો પ્રશ્ન થાય કે ભગવાન રાત્રે જ કેમ પ્રગટ થયા? દિવસે કેમ નહીં? તો या निशा सर्व भूतानाम्... જે સર્વ ભૂતોની રાત્રી છે ત્યાં સંયમી જાગે છે! ભગવાન અને મહાન ભક્તના વિચારવિમર્શમાં, આસપાસનો કોલાહલ.. ઘોંઘાટ અને લોકોનો વિક્ષેપ કેમ ચાલે? રાત્રીની શાંતિમાં જ આવી ચર્ચાઓ ચાલે.

આચાર્યશ્રીએ પૂછ્યું જ હશે, ભગવાન! શું સેવા કરું? એવું શું કરું જેથી સૌ લોકો તમારા તરફ વળે? બધાં લોકોને કેવી રીતે તમારું શરણ મળે? કળિકાળમાં તમે મળવા અતિદુર્લભ છો! ભગવાને તેનાં પ્રત્યુત્તરમાં જે કહ્યું હશે તેને, તેવું જ.. યથાવત, આપણી સમક્ષ આચાર્યશ્રી રજુ કરે છે.

કેટલી સહજતા! ઘમંડનો જરીકેય આભાસ નહીં કે મને ભગવાને દર્શન દીધાં! મને ભગવાને કહ્યું છે અને તે તમારે માનવું જ પડશે! એવો કોઈ આગ્રહ નહીં, કોઈ આશા-અપેક્ષા નહીં, સીધું સરળ શબ્દાંતરણ..

સાચે જ! ભોળાના ભગવાન! એમ થાય કે આવું આચાર્ય જેવું કે નરસિંહ મહેતા જેવું ભોળપણ મળી જાય! પછી ભગવાન ક્યાં દૂર છે? પણ આપણી વાત જ જુદી! આપણું બાળપણ જાય સાથે ભોળપણ પણ જાય! પછી શું થાય? ભોળપણ તો જાય સાથે ડહાપણ એટલું આવે કે ભોળપણની વાતોય ના સમજાય!

२ ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पंचविधाः स्मृताः॥

| | | | | |
|---|---|---|---|---|
| ब्रह्म-सम्बन्ध-करणात् | सर्वेषाम् | देह-जीवयोः | | |
| બ્રહ્મ-સંબંધના સાધન વડે | સર્વમાં.. પ્રત્યેકમાં | દેહનો જીવ સાથેનો | | |
| सर्व-दोष-निवृत्तिः | हि | दोषाः | पञ्चविधाः | स्मृताः |
| સઘળાં દોષોની નિવૃત્તિ | કેમ કે | દોષો | પાંચ પ્રકારનાં | કહેલાં છે |

(श्रीभगवान् उवाच,) सर्वेषाम् देह-जीवयोः, ब्रह्म-संबंध-करणात्
(बुद्ध्याः। उपायः) हि सर्वदोष-निवृत्तिः। पंचविधाः दोषाः स्मृताः॥

(શ્રીભગવાન બોલ્યા,) સૌમાં.. પ્રત્યેકનાં જીવનમાં, દેહનો જીવ સાથેનો (સંબંધ શું છે? તે) બ્રહ્મ-સંબંધને કરણ.. સાધન કરીને (સમજાવ). કેમ કે સર્વ દોષોની નિવૃત્તિ (જ તેનો ઉપાય છે અને) સ્મૃતિઓમાં પાંચ પ્રકારના દોષો વર્ણવેલાં છે.

તાત્પર્ય : કળિયુગમાં માત્ર દેહ અને ભૌતિકતામાં જ મચી રહેલાં લોકોમાં, સાધકોને કે સજ્જનોને તેનો રંગ ન લાગે, તેથી આ ઉપાય કહ્યો હશે. ઉપનિષત્‌નાં 'तत्त्वमसि' કે 'अहं ब्रह्मास्मि' જેવાં મહાવાક્યોને, આપણે ભૂલી ગયાં છીએ. લોકો સાચું મનુષ્યત્વ જ ભૂલ્યાં છે ત્યાં, આવી જ્ઞાનપૂર્ણતાની વાત જ ક્યાં રહી?

ભગવાને કહ્યું હશે કે લોકોને આ સાચા મનુષ્યત્વનું તત્ત્વજ્ઞાન સમજાવ! તેમને જણાવ કે તમે પશુદેહમાં નથી, માનવદેહમાં છો. તમે જીવરૂપ નથી, સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ છો! માનવ થયેલા જીવાત્માને તેનો બ્રહ્માત્માનો સંબંધ સમજાવ!

મનુષ્ય આ વાત સમજી શકે! જીવ છે તો દેહનું મહત્વ છે.. જીવન છે. દેહ એ જીવનું જગત છે, જાણે કે જીવે એક જગત ધારણ કરેલું છે; તેમાં જીવ એ બ્રહ્મનું આંતરિક સ્વરૂપ છે અને દેહ એ બ્રહ્મનું બાહ્ય સ્વરૂપ છે.

હવે દેહને કે બાહ્ય જગતને બ્રહ્મસ્વરૂપ સમજવું એ દૂરની વાત છે પરંતુ, મનુષ્ય પોતે બ્રહ્મરૂપ છે તે તેને કેમ નથી સમજાતું? अहं ब्रह्मास्मिની અનુભૂતિ કેમ નથી? શું કારણ છે? તેનું કારણ છે દોષ.. ઋણ.. પાપ! આંશિક બ્રહ્મ દુષિત થયું તેથી તે જીવરૂપ થયું! જીવ પોતાનાં જે તે દોષો કાઢી નાંખે, શુદ્ધ થઈ જાય તો, મનુષ્યને તેના બ્રહ્મપણાનું ભાન થાય. તેથી શ્રીભગવાને વલ્લભાચાર્યને આવી દોષ-નિવૃત્તિની પ્રવૃત્તિ આપવા કહ્યું. બ્રહ્મના સંબંધને જ સાધન બનાવ!

३ सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथनं च॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| सहजाः | | देश-काल-उत्थाः | | | लोकवेद-निरूपिताः | |
| સાથે જન્મેલાં | | પ્રદેશ અને સમય અનુસાર | | | લોક વિચારથી નિરૂપિત થયેલાં | |
| संयोगजाः | स्पर्शजाः | च | न | मन्तव्याः | कथनम् | च |
| સંગથી થતાં | વિષયોથી થતાં | અને | નહીં | માનવાં | ઉપદેશને | વળી |

(भगवान् पंचदोषाः प्रदर्शयेत्। १) सहजाः (२) देशकालोत्थाः लोकवेदनिरूपिताः (३) संयोगजाः च (४) स्पर्शजाः च (५. महतां दोषः, भगवत्) कथनम् न मन्तव्याः॥

(ભગવાન પાંચ દોષો દર્શાવે છે. ૧) સહજ.. સાથે જન્મેલાં, જન્મજન્માંતરનાં પરિણામે મળેલાં દોષો. (૨) દેશ–દેશાંતરે કે સમયાધિન નિર્મિત, લોકવિચારોથી કે મત–મતાંતરોથી.. પંથો કે સંપ્રદાયોથી નિરૂપિત થયેલાં દોષો (૩) સંયોગ.. સંગ કે સહવાસથી થતાં દોષો અને (૪) સ્પર્શ.. ઇંદ્રિયોનાં વિષયો સાથેનાં સ્પર્શ.. સંસર્ગથી થતાં દોષો અને (૫. સૌથી મોટો દોષ, ભગવાનનાં) કથન.. ઉપદેશ.. વિચારોને ન માનવાનો દોષ.

તાત્પર્ય ઃ આ પાંચ દોષોમાં ભગવાને બધુંય આવરી લીધું! કોઈપણ દોષ હશે તે આ પાંચનું જ પરિણામ હશે. હવે સાચી શાસ્ત્રીય ભક્તિથી આ દોષો દૂર થશે પણ પ્રયત્ન જાતે જ કરવો પડશે. જેમ કે પાણી શરીર સાફ કરે, કચરો દૂર કરશે, પણ સ્નાન તો જાતે જ કરવું પડે ને!

તે પ્રયત્નમાં પહેલાં આ પાંચ દોષોને ઓળખીએ અને સ્વયંમાં શોધીએ.

૧. સહજા.. સાથે જન્મેલાં. જન્મ–જન્માંતરથી સાથે આવેલાં દોષો. બાળકો જન્મથી જ સારી કે ખરાબ ટેવો.. આદતો લઈને આવેલાં હોય છે. તેમાં કુટેવો દોષ ઉત્પન્ન કરે. ઘણાંનો બાળપણથી જ વિચિત્ર સ્વભાવ હોય, જે દોષ પેદા કરે.

૨. લોકવેદ નિરૂપિતાઃ દેશ–કાળને અનુરૂપ, લોકોએ ઘડેલાં રીતિ–રીવાજો અને તેનાથી થતાં દોષો. મૂળ ધર્મ કે વિચારોમાં થતાં પરિવર્તનોથી થયેલાં દોષો. જેમકે ધર્મશાસ્ત્રો ના કહે છે છતાં લોકોએ માંસાહાર અપનાવ્યો, તેનો દોષ લાગે જ! યુવાનો સ્વતંત્રતાનાં નામે સ્વચ્છંદી થયાં, તેમાંય યુવતીઓની સ્વૈરવૃત્તિ! આખા સમાજને દોષ લગાડે! દેશે કાળ પ્રમાણે આવાં ફેશનના નામે, દોષો થાય!

**૩. સંયોગજા.. પરિસ્થિતિજન્ય દોષ.** અચાનક.. અણધારી એવી પરિસ્થિતિ થાય કે કરવો ન હોય તો પણ, દોષ થઈ જાય! તેમાં ચોરી અને પરિગ્રહ મુખ્ય છે. વળી દેખાદેખી કે લોભથી સંયોગવશ દોષો થાય. વેપારીઓની કાળાબજારી, ભેળસેળ કે નફાખોરી અને નોકરીયાતોની કામચોરી કે કાળીકમાઈ દોષ છે.

**૪. સ્પર્શજા.. વિષયજન્ય દોષો.** સૌથી વધુ આ દોષો હોય છે. વિષયાસક્તિ, ભોગોમાં મચી રહેવું, તેનાંથી કર્તવ્યો ભૂલાય અને ધર્મ વિરુદ્ધ આચરણ થાય! વિલાસી.. એશોઆરામ કરવાં. વિષયભોગ મેળવવા માટે, અનાચારથી અત્યાચાર સુધી, ગમે તેમ કરવું! કામાંધ થવાતાં ન ભયં ન લજ્જા! પછી જે થાય તે દોષ અને પાપ જ ગણાય! સંયમ અને અનુશાસન વિના આવાં દોષો થાય છે.

**૫. ન મંતવ્યાઃ કથનં** ઃ ભગવાનનું કહ્યું ન માનવું તે મનુષ્ય જીવનમાં સૌથી મોટો દોષ છે! ભગવાને આપણને આ સૃષ્ટિમાં નિરાધાર છોડી નથી દીધાં. ભોગો ભોગવવા.. આનંદ માણવા સૃષ્ટિમાં મોકલ્યા છે તો સાથે, ખોવાઈ ન જવાય.. સપડાઈ ન જવાય તેને માટે, વ્યવસ્થિત માર્ગદર્શન પણ કર્યું છે. સૃષ્ટિની સાથે જ વેદો આપ્યાં. તેઓ જાણતા હતા કે કળિયુગમાં વેદો લુપ્ત થશે તેથી આપણા માટે ગીતાજી દ્વારા ઉપદેશ આપીને, સમગ્ર મનુષ્યજાતિને ઉગારી લીધી. કોઈ બાપ પણ પોતાના બાળકોને નિરાધાર નથી છોડતો, તો શું ભગવાન આપણને તરછોડે? ના, પણ આપણે તેમના કથનને.. ઉપદેશને.. વિચારોને ન માનીએ તો દોષ કોનો? ગીતા સંસ્કૃતમાં છે તેથી તેને સમજાવવા માટે કેટલાંય મહાપુરુષોને મોકલ્યાં, છતાં તેમને અવગણીને ભગવાનનું ન માનીએ તો, આપણાથી વધુ અભાગી કોણ? પછી દોષો ઊભાં થાય તેમાં વાંક કોનો?

તેથી પ્રથમ ગીતા જ વાંચીએ, સમજવાનો પ્રયત્ન કરીએ. સ્વાધ્યાયથી મન–બુદ્ધિ સાફ કરીને ભગવાનને ધરીએ. ભક્તિ વધે, યોગ સધાય પછી ભગવાનને ગમતા થવાશે! ભગવાન તો દેખે જ છે કે મને માને છે કે મારું માને છે! પરીક્ષા અવશ્ય લેશે, પછી જ સ્વીકાર કરશે! એ પછી દોષો થવાનો ભય રહેશે નહીં.

વળી આપણે સામાન્ય માણસો! ના ભૂત જાણીએ કે ના ભાવી! ઋણ શું કે બંધન શું! એ નથી ભણવામાં આવતું કે નથી કોઈ શિખવતું! કરવું શું? આપણાં પેટ ને પેટી ક્યારેય ભરાતાં નથી! પાપનાં પોટલાં ને દોષનાં ટોપલાં ભરાયે જાય છે! કરવું શું? તે માટે સ્વયં ભગવાન ઉપાય દર્શાવે છે...

અહીં કોઈ તારણ બતાવ્યું તો હશે જ પણ શ્લોકો લુપ્તપ્રાય થયેલાં છે...

૪ अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथंचन।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्॥

| | | | | |
|---|---|---|---|---|
| अन्यथा | सर्वदोषाणाम् | न | निवृत्तिः | कथंचन |
| બીજી રીતે | સર્વદોષોનું | નથી | નિરાકરણ | કેમેય કરીને |
| असमर्पित-वस्तूनाम् | | तस्मात् | वर्जनम् | आचरेत् |
| સમર્પેલી ન હોય તેવી વસ્તુઓને | | તેથી | વર્જ્ય ગણીને | આચરણ કરવું |

(श्रीहरिः विशेषम् उक्तम्।) तस्मात् असमर्पित-वस्तूनाम् वर्जनम् आचरेत्। अन्यथा कथंचन सर्वदोषाणाम् न निवृत्तिः॥

(શ્રીહરિ હવે સૌથી મહત્ત્વનો સિદ્ધાંત કહે છે,) તેથી જે વસ્તુઓ (જીવને) સમર્પેલી ન હોય, (પ્રકૃતિએ જીવને ફળરૂપે ન આપેલી હોય તેવી સર્વ વસ્તુઓને દૂર રાખવી.. ત્યાગવી..) વર્જિત કરવી, વર્જ્ય.. નિષેધરૂપ ગણીને આચરણ કરવું. અન્યથા.. બીજી કોઈ રીતે, કેમેય કરીને.. કોઈપણ ઉપાયે, સર્વદોષોની નિવૃત્તિ શક્ય નથી, નિરાકરણ થાય નહીં.

તાત્પર્ય ઃ मा फलेषु कदाचन! બીજાનાં ફળ પર ક્યારેય અધિકાર કરવો નહીં. મફતનુ.. ફોગટનું.. હરામનું.. વિના પ્રયત્ન કે વિના ભાગ્યનું લેવાય જ નહીં. સૌથી મોટો દોષ લાગે, તેને ભોગવતાં જન્મો લાગી જાય! આપણે જે ધર્મ-કર્મ કરીએ છીએ તેનાં ફળો પ્રકૃતિ સમર્પે છે.. બરાબર આપે છે. તે જ લેવાય! બીજાનું લેવામાં કોઈ વાંધો નથી પણ ઊછીના લેવા જેવું થશે. પછી પ્રકૃતિ છોડશે? બમણી ને ત્રમણી મહેનત કરાવશે! તેને જ ઋણ કહેવાય, જેનું લીધું છે તેને પાછું અપાવશે જ! દાન કે ઉપકાર કરવામાં વાંધો નથી, બીજાનું લેવામાં જોખમ! તે ઋણરૂપ!

હવે અહીં ભગવાને ભક્તિપૂર્ણ સમર્પણની.. નિવેદનની વાત કરી જ હશે, तत्कुरुष्व मदर्पणम्... પણ અધવચ્ચે જ ભગવાનનું નિરૂપણ અટકે છે અને સીધા આચાર્યશ્રીના કથનનો આરંભ થાય છે, તે પણ પહેલેથી નહીં. વચ્ચેનું સઘળું અનુમાન કરવું પડે છે! નિવેદન અંગેનો કોઈ વિધિવત આરંભ તો હશે જ!

કહે છે કે જે આપણું છે, આપણે મેળવ્યું છે તેનું નિવેદન.. તે અર્પણ કરવું જોઈએ કારણ કે, તેમ કરવાથી શ્રીભગવાને ગીતાજીમાં કહ્યું છે તેમ "મને અર્પણ કરીને ચિંતામુક્ત થા" એ સ્થિતિ થશે. હવે આચાર્યશ્રી નિવેદનકારોને કહે છે કે...

५ निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम्॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| निवेदिभिः | समर्प्य | एव | सर्वम् | कुर्यात् | इति | स्थिति |
| અર્પક દ્વારા | અર્પવા યોગ્ય | જ | સર્વ કંઈ | કરાય | એમ | વ્યવસ્થા |
| न | मतम् | देवदेवस्य | | सामिभुक्त-समर्पणम् | | |
| નથી | મંતવ્ય | શ્રીકૃષ્ણનું | | અર્ધભોગનું સમર્પણ | | |

(आचार्यश्री निरूपितम्।) निवेदिभिः सर्वम् एव समर्प्य कुर्यात् इति स्थिति। सामिभुक्त समर्पणम् (इति) देवदेवस्य.. श्रीकृष्णस्य न मतम्॥

(આ શ્લોકથી આચાર્યશ્રીએ નિરૂપણ કર્યું છે.) નિવેદનકાર.. સમર્પક દ્વારા, તેનું સઘળું અર્પણ કરવા યોગ્ય, અર્પી શકાય એમ વ્યવસ્થા છે.. સંમતિ છે. સામિ.. અર્ધભુક્ત કે પેટાભોગનું સમર્પણ (કરાય કે નહીં એમ) દેવોના દેવ શ્રીકૃષ્ણનો મત નથી. (અર્થાત્ સારું નરસું, જેવું છે તેવું, અર્પણ કરી શકાય છે.)

તાત્પર્ય : ભગવાનને બધું અર્પણ થાય! જ્યારથી ભાવ જાગે ત્યારથી, જેવું હોય તેવું, અર્પણ કરી શકાય છે! તેમાં માત્ર પૂર્ણ પ્રામાણિકતા આવશ્યક છે!

અહીં સીધો અર્ધભોગનો શ્લોક ન હોય, આ પહેલાં નિવેદન અંગેનાં શ્લોકો હોવાં જ જોઈએ, જે ઉપલબ્ધ નથી. છતાં વિચારીએ તો, પ્રભુને અર્પણ શું થઈ શકે? જે મારું હોય, મને ફળરૂપે મળ્યું હોય કે પ્રયત્નથી મેળવ્યું હોય તે આપી શકું. હું જાતે છોડ રોપું અને તેનાં ફૂલ ભગવાનને ધરું તેને અર્થ છે, બીજાનાં બાગનાં ફૂલો અર્પણ કરું તો ભગવાનને ગમશે? આવું જ અન્ય બાબતોનું સમજવું.

રહી વાત સામીભોગની.. અર્ધભોગની! શબરીનાં એઠાં બોર ખાધાં, દ્રોપદીનાં વાસણમાંથી વધેલો ભાતનો દાણો ખાધો! વિદૂરને ત્યાં કેળાની છાલ ખાધી! શા માટે? કારણ આ બધાં પ્રેમથી ગાંડા હતાં, તેવું થાય તો બધું ચાલે. જાણી જોઈને થાય તો કપટ ગણાય. આમ તો પ્રભુજીને આખું જીવન ધરવું જોઈએ, નાનપણમાં ખબર ન હતી! હવે ખબર પડી છે તો બાકીનું જીવન તો ધરીએ! પછી તેમાં યુવાની પોતાના માટે વાપરીને, ભગવાનને ઘડપણ ધરીએ તે યોગ્ય નથી. શેરડીનો રસ ચૂસીને કૂચા પ્રભુને ધરાય? છતાં કોઈકાળે મોડું થતું નથી, જાગ્યા ત્યાંથી સવાર! ગમે તેવા પણ પ્રામાણિકતાથી પ્રભુને શરણે જઈશું તો સ્વીકાર કરશે જ!

६ तस्मादादौ सर्वकार्ये सर्ववस्तु समर्पणम्।
दत्तोपहारवचनं तथा च सकलं हरेः॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| तस्मात् | आदौ | सर्वकार्ये | | सर्ववस्तु | समर्पणम् |
| તેથી | આરંભમાં | બધાં જ કાર્યોનાં | | સર્વ વસ્તુ | સમર્પણ |
| दत्त | उपहार वचनम् | तथा | च | सकलम् | हरेः |
| આપવું | ઉપહાર વચન | તેમજ | અને | બધું જ | હરિનું |

तस्मात् सर्वकार्ये आदौ (संकल्पम् च फलम्) सर्ववस्तु समर्पणम् च तथा उपहार वचनम् दत्त, सकलम् हरेः (तत् निवेदनम्)॥

તેથી સૌ કાર્યોનાં આરંભમાં જ (સંકલ્પ અને ફળ) સર્વવસ્તુનું સમર્પણ (કરવું) તેમજ ઉપહારમાં વચન આપવું, સઘળું હરિનું.. શ્રીકૃષ્ણનું છે. (આ નિવેદન છે.)

તાત્પર્ય ઃ કર્મોનાં આરંભે.. સંકલ્પાવસ્થામાં જ પ્રભુને સમર્પણ.. નિવેદન કરવું. તેમાં પ્રથમ હેતુનું સમર્પણ. પ્રભુ! કાર્યનો હેતુ જ તમે છો, તદર્થે.. તમારી પ્રાપ્તિ માટે જ કર્મ કરું છું. કર્મમાં બીજા ક્રમે આવે ક્રિયાઓ, તે પ્રભુને ગમે.. આનંદ આપે તેવી જ કરું; તેમાંના સાધનો, પ્રભુનાં સમજીને.. પ્રભુએ આપેલાં જાણીને વાપરું, જેથી પવિત્ર રાખી શકું. હવે રહ્યું ફળ! એના માટે તો હું કર્મ કરતો જ નથી, સંકલ્પમાં જ ફળ પ્રભુને સોપી દીધું છે! અને હું એવું કાંઈ જ નહીં કરું, જેથી તે કર્મફળ દુષિત થાય.. ખરાબ થાય. ભગવાનને તો ઉત્તમ ફળ જ ધરાયને!

આમ સમગ્ર કર્મ અર્પીને, નિવેદન કરવું.. ઉપહાર વચન આપવું કે सकलम् हरेः। સઘળું પ્રભુશક્તિથી.. કૃષ્ણથી, કૃષ્ણનું અને કૃષ્ણ માટે કરું છું. આ ઉપહાર વિધિ માટે ગીતાજીમાં, સત્તરમાં અધ્યાયનાં છેલ્લા શ્લોકોમાં નિર્દેશ છે. ૐतत्सत् એમ બોલીને જ સર્વ કાર્યારંભો કરવાં, જેથી તેમાં ઉપરોક્ત બધાં ભાવ આવી જાય.

આનાથી શું થશે? હેતુઓ દિવ્ય થશે, સાથે ક્રિયાઓ વ્યવસ્થિત.. જેવી થવી જોઈએ તેવી જ થશે. ભગવાનની સેવા અર્થે જ કર્મો કરવામાં આવે ત્યાં વેઠને સ્થાન નહીં મળે, બધું પ્રસન્નતાપૂર્વક થશે! અને ફળ તો પહેલેથી જ સોંપી દીધું છે તેથી કર્મનું બંધન પણ નહીં થાય! કર્મ–મુક્તિની આ જ સાચી યુક્તિ છે! હવે આપણું આત્મનિવેદન તો થશે ત્યારે થશે! ઘણી વાર છે; હમણાં કર્મનિવેદનથી આરંભ તો કરીએ! આ આચાર્યશ્રીની સુંદર યુક્તિ છે. હવે એક વ્યાવહારિક વાત..

७ न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम्।
सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| न | ग्राह्यम् | इति | वाक्यम् | हि | भिन्न-मार्ग-परम् | मतम् |
| નથી | લેવા યોગ્ય | એવું | વાક્ય | જ | જુદા માર્ગપરનો | મત.. સિદ્ધાંત |

| | | | | |
|---|---|---|---|---|
| सेवकानाम् | यथा | लोके | व्यवहारः | प्रसिद्ध्यति |
| સેવકોનો | જેમ | સમાજમાં | વ્યવહાર | પ્રસિદ્ધ કરે છે |

ग्राह्यम् न, इति वाक्यम् हि, भिन्नमार्गपरम् मतम्। (न मतम् भक्तिमार्गपरम्)। यथा लोके (धनिकम् प्रति) सेवकानाम् व्यवहारः प्रसिद्ध्यति॥

ગ્રાહ્ય નથી, આવું વાક્ય જ, ભિન્ન માર્ગનો મત છે.. વલણ છે. (ભક્તિમાર્ગમાં આ વિચાર નથી.) જેમ લોકમાં.. સમાજમાં (ધનિક.. શેઠ પ્રત્યે) સેવકોનો વ્યવહાર પ્રસિદ્ધ છે. (સેવકને વેતન ગ્રાહ્ય નથી કે શેઠને કામ ગ્રાહ્ય નથી, એવું લૌકિક ચાલે, ભક્તિમાર્ગમાં નહીં! અહીં સેવક પણ સંતોષી, ભગવાન પણ પ્રસન્ન!)

તાત્પર્ય : ગ્રાહ્ય નથી અર્થાત્ સ્વીકાર્ય નથી.. આવું નહીં ચાલે! આવાં વાક્યો બીજે જોવાં મળશે, અમારા ભક્તિમાર્ગમાં નહીં એમ આચાર્યને સમજાવવું છે. બીજા માર્ગો એટલે જ્ઞાનમાર્ગ કે તપમાર્ગ, તાંત્રિકો કે કર્મકાંડીઓનાં માર્ગ. ત્યાં જરીય ભૂલ ના ચાલે. ત્યાં તરત આવું માન્ય નથી, આવું ગ્રાહ્ય નથી, એવી બુમો પડે. જ્યાં શબ્દોનાં ઉચ્ચાર જેવી ભૂલ માન્ય ન હોય ત્યાં બીજું શું ચલાવી લેવાય!

ભક્તિમાર્ગમાં જોઈએ માત્ર પ્રેમ અને પ્રામાણિકતા! જ્યાં આ બે છે ત્યાં સેવા, નિઃસ્વાર્થતા, નિષ્ઠા, સમર્પણ, અવ્યભિચારિતા, બધુંય આપોઆપ આવી જાય. અહીં જેટલું, જેવું, જે પણ કર્યું તેનાથી ભક્તને સંતોષ અને ભાવથી કર્યું તેથી ભગવાન પણ પ્રસન્ન! ક્યારેક ભક્તને લાગે કે કંઈ ન કરી શક્યો, કેટલું ઓછું કર્યું! કેવું કર્યું! હું કેવું જીવન જીવ્યો? પ્રભુ! ક્ષમા કરો, મને તમારે શરણે લો!

ભગવાનને અંતઃકરણપૂર્વકનો આવો સંતાપ માન્ય છે! તેનો પ્રાયશ્ચિતભાવ માન્ય છે, પછી ભક્તનું સાદું કે ઓછું પણ બહુમૂલ્યવાન છે! બધું જ ગ્રાહ્ય છે. પત્રં પુષ્પં ફલં તોયં.. ભગવાનને કંઈપણ ચાલે! જોઈએ માત્ર સાચી શરણાગતિ! જેમ શિષ્ય ગુરુને શરણે, પત્ની પતિને શરણે તેમ ભક્ત ભગવાનને શરણે!

८ कार्यं तथा समर्प्यैव सर्वेषां ब्रह्मतां ततः।
गंगात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णनाम्॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| कार्यम् | तथा | समर्प्य | एव | सर्व | एषाम् | ब्रह्मताम् | ततः |
| કાર્ય યોગ્ય | તેમજ | સમર્પણ યોગ્ય | જ | સર્વ | એમાં | બ્રહ્મપણામાં | તે પછી |

| | | | | |
|---|---|---|---|---|
| गंगात्वम् | सर्वदोषाणाम् | गुणदोषा | आदि | वर्णनाम् |
| ગંગાપણું | સર્વ દોષોવાળાને | ગુણ-દોષ | વગેરેનાં | વર્ણનોમાં |

कार्यम् तथा समर्प्य ततः एव सर्व एषाम् ब्रह्मताम्। सर्वदोषाणाम् गुणदोषा आदि गंगात्वम् वर्णनाम्॥

કાર્યયોગ્ય તેમજ સમર્પણયોગ્ય (થાય) તે પછી જ સર્વ તે બ્રહ્મરૂપ થાય. સર્વદોષોમાં.. ગુણદોષ.. વગેરે ગંગાપણાનાં વર્ણનોમાં.. ..

તાત્પર્ય : આ શ્લોકની આગળનું પણ ઘણું લુપ્ત થયેલું છે. ચોક્કસ આગળ કોઈ ગંગાજીનું દૃષ્ટાંત હોવું જોઈએ, જેનું અવતરણ આ અને પછીના શ્લોકમાં લીધું છે. તેથી આ આઠમા અને નવમા અર્ધશ્લોકનો કોઈ તર્કસંગત અર્થ બેસતો નથી. તેમ નવમા પછીનું બધું જ અલોપ થયું હોવાથી પૂર્ણ અનુમાન પણ શક્ય નથી. તેથી સાતમા શ્લોક સુધી જે મળ્યું છે તેને યથોચિત ગ્રહણ કરવાનું છે.

છતાં વિચારીએ તો, ગંગાજી માટે સુરદાસજી વર્ણન કરે છે કે કોઈ મેલી નહેર, ગંગાના શુદ્ધ પાણીમાં મળે, તો તે પણ સુરનદી થઈ જાય છે, તેમ થોડાં-ઘણાં દોષો સાથે ભક્તિ કરવા લાગીએ તો પણ, ભગવાન સેવક ગણશે જ! એવું અનુમાન કરીએ તોયે બ્રહ્મત્વની વાત ધ્યાનમાં આવતી નથી.

બ્રહ્મપણું ત્યારે જ સિદ્ધ થાય જ્યારે વિશુદ્ધ અંતઃકરણ થાય, પરિશુદ્ધ જીવન થાય તેમજ સર્વદ્વન્દ્વો એકસમાન થઈ જાય! ગુણાતીતતા છવાઈ જાય, ત્યારે બ્રહ્મરૂપ થવાય! બીજીરીતે જોઈએ તો, બ્રહ્મપણું તો હતું જ, તેનું વિસ્મરણ થયું! કારણ છે દોષો! તેથી જીવની મલિનતા નીકળી જતાં.. વિશુદ્ધ થતાં, પુનઃ સ્મરણ થાય કે अहं ब्रह्म अस्मि। એની અનુભૂતિ બહારથી નહીં, અંદરથી જ સ્ફૂરે!

બ્રહ્મદર્શન પછી ન રહે કોઈ કાર્ય કે ન રહે કોઈ કર્તવ્ય! આમ તો સાચી ભક્તિનો આરંભ જ આ બ્રાહ્મીસ્થિતિ પછી થાય! ત્યાં જ રાસ રચાય અને ત્યાં જ લીલા લાગે! તેથી બને તેટલું પરિશુદ્ધ જીવન જીવવું જોઈએ.

९ गंगात्वेन निरूप्या स्यात् तद्वदत्रापि चैव हि। (अपूर्ण)

गंगात्वेन निरूप्या स्यात् तद्वत् अत्र अपि च एव हि
ગંગાપણાથી નિરૂપણ થયું તે રીતે અહીં પણ અને જ કેમ કે

हि गंगात्वेन निरूप्या स्यात् च तद्वत् एव अत्र अपि। (अपूर्ण)

જેમ ગંગાપણાથી નિરૂપણ થયું તેમ અહીં.. બ્રહ્મપણામાં પણ (સમજવું. અપૂર્ણ..)

તાત્પર્ય : ગંગાપણાથી શું નિરૂપણ થયું તે અધ્યાહાર છે, કારણ આ ગ્રંથ અધૂરો પ્રાપ્ત છે. આચાર્યશ્રીએ આટલું બધું લખ્યું ત્યાં કોઈ શ્લોક અધૂરો છોડે તે માનવામાં આવે? અને વિધિવત કોઈ ગ્રંથનું સમાપન ન કરે એવું બને?

આગળ કહ્યું તેમ, જે પ્રાપ્ત છે તેમાં સંતોષ માનવાનો છે. એટલું જાણવું પૂરતું છે કે ભગવાનનું માનીએ તો સર્વ દોષો દૂર થશે જ. ભગવાને કહ્યું તેમ, આપણને મળેલા ભોગોને જ સ્વીકારીએ, જીવનમાં જે મળે છે તેમાં સંતોષ રાખીએ. તે પછી આચાર્યશ્રીના કહેવા પ્રમાણેનાં નિવેદનનો આરંભ કરીએ.

શ્રીવલ્લભ તો આત્મનિવેદનની પગથી સુધી પહોંચ્યા છે, જે આપણા માટે શક્ય નથી. પરંતુ તેનો અભ્યાસ કરી શકીએ કે નહીં? જેમ માઁને જોઈને દીકરી ઘર ઘર રમે છે! પિતાનું અનુકરણ પુત્ર કરે છે! તે સાચું નથી તેમ બાળકોની દૃષ્ટિમાં ખોટું પણ નથી. તેથી આપણા માટે નિવેદન નાનું હશે, ભૂલ ભરેલું હશે પણ ખોટું તો નથી જ. જોઈશે માત્ર પ્રામાણિકતા! જે રીતે શિર્ષકમાં દર્શાવ્યું છે તેમ, પ્રથમ દૃઢ નિશ્ચય કરીએ કે ભગવાન સુધી પહોંચવું જ છે. બીજું સંસારમાં કે દરેક વ્યવહારોમાં વિવેક રાખીએ. વિવેકપૂર્ણ કર્મો જ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. સારું-નરસું પારખવાની બુદ્ધિથી, સારો નિર્ણય લઈને, વ્યવહાર કરવો તે વિવેક છે. ત્રીજું, નિવેદનનો એક અર્થ છે અર્પણ. આપણું દત્ત.. આપેલું કેવું હોવું જોઈએ? સુ.. સારું.. ભગવાનને પસંદ પડે તેવું જ! તેથી સુદત્ત!

છેલ્લે અર્ચન.. પૂજન! સુનિશ્ચય કરીને તેમજ વિવેક ધરીને, સુદત્ત.. જે યોગ્ય છે તે અર્પીએ અને આટલું કરીને પૂજન કરીએ તો કદાચ પ્રભુને ગમીએ, પ્રભુ ધ્યાનમાં લે! ભૂતકાળ ગમે તેવો હોય તેને ભૂલી જઈને, વર્તમાન પર ધ્યાન આપીએ. આ નિવેદનનો ભાવ.. સર્વશ્રેષ્ઠભાવ જીવનમાં વણી લઈએ, અંતે તો આ જ કામ આવશે. સામાન્ય નિવેદનથી આત્મનિવેદન સુધી પહોંચી શકાશે.

## ગ્રંથના સમાપને...

'સિદ્ધાંત રહસ્ય' નામ કોણે ક્યારે આપ્યું તેની વિગત નથી. પણ બન્ને સિદ્ધાંતો અને રહસ્યો આપણે જોયાં. એક એવું રહસ્ય પણ છે જેને જાણવું આવશ્યક છે.

જો ભગવાન અચાનક કોઈની સમક્ષ પ્રગટ થાય કે એકદમ આવીને કહે કે, વરદાન માંગ! તો એ વ્યક્તિની હાલત શું થાય? વિચારજો! ભગવાનની વાત જવા દો, કોઈ મોટી હસ્તી અચાનક સામે આવી જાયને, તો પણ માણસ ચકરાવે ચડે! કંઈ સમજ ન પડે! કારણ, એવો અનુભવ નથી કે તેની પૂર્વતૈયારી નથી તેથી.

આચાર્યશ્રી જે નિવેદનનો આગ્રહ રાખે છે તે, આત્મનિવેદનની પૂર્વતૈયારી છે! અને સાથે, જ્યાં નિવેદન કરવાનું છે તે ભગવાનને પણ ઓળખવા પડશે. એક તો આપણે યાંત્રિક પૂજાપાઠથી કે મંદિરોમાં ફરી ફરીને, ભગવાનની મહત્તા જ ક્ષીણ કરી નાખી છે. ભગવાન આ શબ્દ જ એટલો સસ્તો કર્યો છે કે તેની સ્વરાટતા.. વિરાટતા કે સમગ્રતા ધ્યાનમાં આવતી નથી અને એ ધ્યાનમાં ન આવે ત્યાં સુધી, આપણે સ્મરણની પગથી પર જ અટક્યાં છે! શ્રવણં કીર્તનં સ્મરણં.. બહુ બહુ તો પાદસેવનં.. તેનું થોડુંક કામ કરીએ.. દોડીએ એટલું જ, એનાથી આગળ નથી જવાતું. જ્યાં સુધી ભગવાનની વૈશ્વિકઅર્ચા.. સમગ્રતા ધ્યાનમાં ન આવે ત્યાં સુધી, આપણે બાળનિશાળમાં છીએ.. પ્રાઈમરી સ્કૂલમાં છીએ!

ભગવાનનું સ્વરૂપ કેવું! મહતોમહીયાન્.. ગરયોગરીયાન્ કે અણોરણીયાન્! આવું એકમેવાદ્વિતીય સ્વરૂપ ધ્યાનમાં ન આવે ત્યાં સુધી, અર્ચન થાય નહીં.. થઈ શકે જ નહીં. તેમ તેવી અનુભૂતિ થયા પછી, તમે નાની મૂર્તિને પૂજો છો કે વિશાળકાય મૂર્તિને પૂજો છો, તમે મૂર્તિ રાખો છો કે નથી રાખતા, તેમાં કોઈ અંતર નથી.. કોઈ ફરક નથી પડતો! આચાર્યો કહે છે તેમ, હવે તમે માનસીપૂજા પણ કરી શકો છો અને નિવેદનનાં અધિકારી છો! સૌ પહેલાં ભગવાનને તો ઓળખો!

ઠીક છે, પણ કળિયુગમાં આ બધું ક્યાં શક્ય છે? તો શું કરી શકાય? બીજો એક રસ્તો છે, તેનું નામ છે 'આશ્રય'! આચાર્યશ્રીએ તેનું વર્ણન 'નવરત્ન' ગ્રંથમાં કરી રાખ્યું છે, તેનાં નવ જ શ્લોકો છે પણ તે વાસ્તવમાં, સંપૂર્ણ આશ્રયને સમજાવતું રત્ન છે. તેને 'શરણ રહસ્ય' જ કહી શકાય અને તે આપણે શ્રીવલ્લભ સાહિત્યમાળાના, રત્ન–૪માં જોઈશું. અસ્તુ,

નિત્યશરણાભિલાષી,
પ્રશાંત દેસાઈ